એ છોકરો જેણે સમુદ્રને રોક્યો

ચિત્ર: થોમસ લોકર પુનર્કથન: લેની હાર્ટ

એ છોકરો જેણે
સમુદ્રને રોક્યો

એ છોકરો જેણે સમુદ્રને રોક્યો

ચિત્ર: થોમસ લોકર
પુનર્કથન: લેની હાર્ટ

પીટરને હમણાં જ રૂમમાં મોકલી દેવામાં આવ્યો હતો અને કોઈ દરવાજો ખટખટાવી રહ્યું હતું. એણે વિચાર્યું કે એના પાપા હશે પણ એ તો એના દાદી અને એની બિલાડી હતા. "મેં વિચાર્યું કે એક વાર્તા તને આનંદિત કરશે," એમણે કહ્યું અને એ એક ખુરશીમાં આરામથી બેસી ગયા, એની બિલાડી 'વિલ્હેલ્મિના' ને ખોળામાં લઈને.

જ્યારે હું તારી ઉંમરની હતી, દાદીએ કહ્યું, ત્યારે તારા જેવડો એક છોકરો, જેન, આ જ શહેરમાં રહેતો હતો. એના પિતા, તારા પાપાની જેમ દારૂ બનાવવાનું કામ કરતા હતા. જેન એક ખરાબ છોકરો ન હતો, પણ આપણે એને સારો પણ ન કહી શકીયે.

જયારે એનો ભણવાનો સમય હતો ત્યારે એ શિકાર કરવા ચાલ્યો જતો હતો અથવા સમુદ્રની ડાઈક/પાળ પરથી જોતો રહેતો હતો.

એથી વધુ ખરાબ એ હતું કે એ વારે-વારે દોડતો-દોડતો શહેર આવતો અને ચોકીદારને સચેત કરતો કારણકે એને લાગતું કે એણે દુશ્મનના સૈનિક અથવા દરિયાઈ સાપ જોયા હતા.

એક રવીવારના દિવસે જેને એની માઁ પાસે સંમતિ માંગી કે એ ચર્ચ જવાને બદલે અંધ મિસ્ટર શુયલરને કંઈક વાંચીને સંભળાવે, જે કરવાનું એણે વચન આપ્યું હતું. મિસ્ટર શુયલર મિલ ચલાવતા હતા અને નહેરથી પાંચ માઈલ દૂર રહેતા હતા. એની માઁ એ આવા સારા કામ કરવા માટે એને આશીર્વાદ આપ્યા અને સારું ખાવાનું બનાવીને એને રવાના કર્યો. એણે મિસ્ટર શુયલર માટે રેવંચી (rhubarb) ની પાઈ પણ આપી, જે એને બહુ ભાવતી હતી. જેનનો કૂતરો ટૂંકા પગલાં ભરતો એની સાથે ગયો.

જેવો જેન એની માઁ ની આંખોથી ઓઝલ થયો, એ રાજાની પ્રતિમાની નીચે બેસી ગયો અને પાઈ ખાઈ ગયો. એણે એની ગલોલ કાઢી અને પાઈનો એક ટૂકડો પ્રતિમાના માથા તરફ ફેંક્યો, કબુતરો માટે. કપ્તાન બ્લોવેલ્ટે એને એક પથ્થર વિદ્યાલયની બારીમાં મારતા જોયો. એવી અફવા હતી કે એ એક દરિયાઈ ચાંચીયા હતા. જે હોય તે, એ છેલ્લી વ્યક્તિ હતા જે કોઈ ઉપદ્રવીની ફરિયાદ કરે. જેને એની ગલોલ ખિસ્સામાં મૂકી અને ખિસકોલીનો શિકાર કરવા જંગલમાં ચાલ્યો ગયો.

એ છોકરાએ એની માઁ એ બનાવેલા ભોજનની જરાય કદર ન કરી, જે એણે બહુ મહેનતથી બનાવ્યું હતું. એણે એ બધું ખાવાનું એના કૂતરાને ખવડાવી દીધું. એણે એક મોટી આગ લગાવી, અને એક ખિસકોલી, જેનો એણે શિકાર કર્યો હતો, એને સારી રીતે શેકવા લાગ્યો.

એ ઉજાણી પછી, અને આખા દિવસના તોફાન પછી, એ છોકરો થાકી ગયો હતો. એ ચાલતો-ચાલતો દરિયાની પાળ સુધી ગયો જ્યાં એ સમુદ્રની ભીની અને ખારી હવા અનુભવી શકે અને દરિયાઈ ચાંચીયા અને એના જહાજોના સપના જોઈ શકે. એ એની મનપસંદ જગ્યા પર સૂઈ ગયો. થોડા સમયમાં એને આશ્ચર્ય થયું જયારે એણે પાણીના એક પાતળા પ્રવાહનો એની પીઠ પર અનુભવ કર્યો. એણે ધ્યાનથી જોયું અને ચોંકી ગયો કે મહાસાગરનું પાણી દરિયાની દીવાલના એક કાણાંમાંથી અંદર આવી રહ્યું હતું. જેન જેવો તોફાની છોકરો પણ જાણતો હતો કે એક નાનું ગળતર પણ ધીરે-ધીરે મોટું થઈ શકે છે, અને જો દીવાલ પડી જાય તો એક ભયંકર પૂર આખા શહેરને ડૂબાવી શકે છે.

એ પાણીના ગળતરને અવગણી નહોતો શકતો. જેનને ખબર હતી કે એ મુશ્કેલીમાં મુકાશે જયારે એની માઁ ને ખબર પડશે કે એ શ્રી શુયલરના ઘરે ગયો ન હતો. તો પણ એ સહાયતા માંગવા શહેર ગયો. એણે કોન્સ્ટેબલ અને સ્કૂલ માસ્ટરને એક-બીજા સાથે વાત કરતા જોયા અને એણે બૂમ પાડી કે બંધમાં કાણું પડવાથી એમાંથી પાણી ચૂવી રહ્યું છે. પણ કોન્સ્ટેબલે એને પાછા જઈને દરિયાઈ દૈત્ય જોવાનું કહ્યું. સ્કૂલ માસ્ટરે કહ્યું કે ખોટું બોલવાવાળા છોકરા, જે ચર્ચ જતા નથી, એની સાથે હંમેશા ખરાબ જ બને છે. જેન વારે-વારે કહેતો રહ્યો કે એ સાચું બોલે છે તો કોન્સ્ટેબલે એને ડાઈક પાસે પાછા જવાનું કહ્યું અને વચન આપ્યું કે એ કોઈને સહાયતા માટે મોકલશે.

પણ જયારે એ છોકરો અને એનો કૂતરો ડેમ પાસે પાછા પહોંચ્યા, તો એની પાછળ કોઈ આવ્યું નહીં. અને ગળતર હજી વધી ગયું હતું. એ કાણું હજી નાનું જ હતું, પણ એમાંથી જે પાણી ગળતું હતું એ ટીપું-ટીપું ન હતું. જેને એ કાણાંને મુઠ્ઠીભર ધૂળથી ભરવાની કોશિશ કરી, પણ બીજી જ ક્ષણે એ નીકળી ગઈ. પછી એણે એનો રૂમાલ કાઢીને કાણામાં ઘુસાડીને એને બંધ કરવાની કોશિશ કરી. પણ જેવો એણે રૂમાલ છોડયો, એ પણ બહાર નીકળી ગયો. એ વિચારી રહ્યો હતો, કે મદદ આવે ત્યાં સુધી એ કોઈ પણ રીતે પાણીને રોકી શકે....એણે રૂમાલ એની આંગળીમાં લપેટી લીધો અને આંગળી માટીની દીવાલના કાણાંમાં ઘુસાડી દીધી. સૂરજ ડૂબી રહ્યો હતો, પણ અત્યારે પાણી ચૂવાનું બંધ થઈ ગયું હતું.



તોફાની વાદળાં ભેગા થઈ રહ્યા હતા અને સાંજની ઠંડક વધી રહી હતી. જેને કોન્સ્ટેબલ અને સ્કૂલ માસ્ટરની આશા છોડી દીધી હતી. પણ એને ખબર હતી કે કોઈ તો એ તરફ ચોક્કસ આવશે. એને એ વાર્તાઓ યાદ આવી જેમાં વફાદાર કૂતરા એના જખ્મી માલિક માટે મદદ લઈને આવતા હતા. એ ખુશ હતો કે એનો કૂતરો હજી એની સાથે હતો. જે હાથે એણે દરિયો રોક્યો હતો એ હાથ સુન્ન થઈ ગયો હતો. બીજા હાથે એણે એના કૂતરાને આલિંગન આપ્યું. "કોઈ ને કોઈ જરૂર આવશે," એણે કહ્યું, "અને વિચાર કર આપણે કેવા શૂરવીર બની જશું." પણ એ વાત પર એનો પાકો વિશ્વાસ ન હતો.

આકાશમાં મેઘગર્જના થઈ રહી હતી અને ટાવરની ઘડિયાળમાં બારના ટકોરા વાગી રહ્યા હતા. ત્યાં એણે કોઈના પગલાંનો અવાજ સાંભળ્યો. વીજળીના ચમકારામાં એક ચહેરો દેખાયો અને કૂતરો ઘુરકાટ કરવા લાગ્યો. એ હતા કપ્તાન બ્લોવેલ્ટ. ભગવાન જાણે એ શું દુષ્ટતા કરવા આટલી મોડી રાત સુધી જાગી રહ્યા હતા.

એણે જેનની વાત સારી રીતે સાંભળી અને મદદ લાવવા માટે દોડતા ગયા.

કપ્તાન શહેરમાં લથડિયાં ખાતા પહોંચ્યા અને "ગાર્ડ! ગાર્ડ" બૂમ પાડવા લાગ્યા. ગાર્ડ આવ્યા અને ધાંધલિયા વર્તન માટે એની ધરપકડ કરી. કોન્સ્ટેબલે સૂચવ્યું કે આ એ જ માણસ હોઈ શકે છે જેણે સવારે સ્કૂલની બારીનો કાંચ તોડયો હતો, જયારે બધા સારા માણસો ચર્ચમાં હતા. જેનની માઁ અવાજ સાંભળીને બારીમાં આવી. એ ગુસ્સામાં હતી. એનો દીકરો એની સંમતિ વગર મોડી રાત સુધી બહાર હતો. એણે પ્રાર્થના કરી કે એનો દીકરો મોટો થઈને એવા માણસ જેવો ન બને જેને ગાર્ડ લઈ જતા હતા.

સવાર પડી અને તોફાન પણ શમી ગયું. જેન ધ્રુજી રહ્યો હતો અને ચિત્તભ્રમિત થઈ ગયો હતો.

ત્યાં સ્કૂલ માસ્ટરનો અવાજ સંભળાયો, "બહુ ખરાબ છોકરો છે. આ વખતે એણે એની માઁ ને ચિંતિત કરી દીધા છે." ત્યાં એની નજર એ છોકરા પર પડી જે બહુ અજબ રીતે સૂઈ રહ્યો હતો. એ ઘણીવાર સુધી એને જોતા રહ્યા. જેને એને કારણ સમજાવ્યું. ત્યારે સ્કૂલ માસ્ટર ગયા અને થોડા લોકોને ઓજાર સાથે લઈ આવ્યા. એ પછી કોઈને ખ્યાલ આવ્યો કે જેનના માતા-પિતાને ખબર પહોંચાડવી જોઈએ. એને ખબર મળતા જ એ ત્યાં પહોંચી ગયા. એમણે એને ધાબળામાં લપેટ્યો અને એને ઘરે લઈ ગયા.

તારી ઉંમરમાં એક બાળક કોઈ પણ મુશ્કેલીનો સામનો કરી શકે છે. જેન પણ થોડા દિવસોમાં સારો થઈ ગયો. એ યુવાન નાયકને સન્માનિત કરવા માટે, જેણે નોઆના સમય પછીના સૌથી ભયંકર પૂરથી બધાને બચાવ્યા હતા, શહેરમાં એક ઉત્સવ આયોજિત કરવામાં આવ્યો. પણ જયારે મિજબાનીનો સમય થયો, તો જેન ક્યાંય મળ્યો નહીં! એ સંતાઈને શ્રી શુયલરના ઘરે ચાલ્યો ગયો હતો, એને પુસ્તકમાંથી કંઈક વાંચી સંભળાવવા માટે. અને એ એની સાથે રેવંચીની પાઈ પણ લઈ ગયો હતો.

દાદીના ખોળામાં બિલાડી તો નસકોરા બોલાવી રહી હતી પણ પીટરની આંખોમાંથી ઊંઘ ઉડી ગઈ હતી. "ચાલ દીકરા, જમવાના ટેબલ પર આવી જા," દાદીએ એના પૌત્રને કહ્યું. જયારે એ ત્યાં પહોંચ્યા તો પરિવારના બધા સદસ્યો ત્યાં હતા અને મજાની વાતો કરી રહ્યા હતા. પીટર ખાવાનું પૂરું કરવાની રાહ પણ જોઈ શકતો ન હતો કારણકે એને ડાઈક પર નજર રાખવા જવું હતું.